दत्तात्रेयकृत

नारसिंहावतार नाटक.

આ નવીન પુસ્તકનું મરેઠી ઉપરથી
ગુજરાતી ભાષાંતર કરનાર,

આણંદજી વહાલજી રાજગર

તાલુકા સ્કૂલ માસ્તર કુંતીઆણા.

अमदावादमां

મામાનીહવેલી મધ્યે અ० યુનાઈટેડ પ્રીં० અને
જ० એ० કું० "લિમિટેડ" ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યું.

સંવત ૧૯૩૭ ઈ० સ० ૧૮૮૧

મુલ ચાર આના.

મેહેરબાન રાવસાહેબ ગોપાળજી સુરભાઇ દેશાઈ

ડીપ્યુટિ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબ.

પ્રાંત કાઠીઆવાડ.

કાઠીઆવાડ ઇલાકાના કેળવણી ખાતાને તેજીમાં લાવનારે, તન મનથી કેળવણીને ચાહનાર, અને શુભેચ્છક તરીકે મેહેતાજીઓને બોધ આપી સુમાર્ગે ચડાવનાર, વગેરે કારણથી આ લઘુગ્રંથ આપ નામદારને અર્પણ કરતાં મને અતિ આનંદ પ્રાપ્ત થાયછે.

હું છું તમારો.

ઇત્યાદિ ઇત્યાદિ

આણંદજી વહાલજી.

प्रस्तावना.

આ પુસ્તકમાં ભક્તનું રક્ષણ કરવાની બાબતછે. શ્રીમદ્ ભાગવતમાં આ બાબતનું વૃત્તાંત ઘણું રસીક વર્ણવેલું છે. તેનું લોકને મનોરંજક થવાને માટે નાટક રૂપે યથામતિ વર્ણન કર્યુંછે. સુજ્ઞ અને સ્વદેશી ભાઈઓ આનો સ્વિકાર કરશો. આ પુસ્તકમાં કાંઈ ભૂલ ચૂક નથી એમ હું કહેતો નથી, પરંતુ સુજ્ઞ વાંચનાર મારા કરેલા શ્રમને જાણી હંસ જેમ પાણીને દૂધ મળેલામાંથી દૂધ ગ્રહણ કરેછે તેમ આ ગ્રંથમાંથી સારૂં ગ્રહણ કરશો એવી આશાછે.

આ પુસ્તક વાંચી વિચાર થયો કે આવું રસીલું નાટક ગૂજરાતીમાં થાય તો ઘણા લોકોને કામ લાગે, વળી આમાં મુખ્ય બાબત ધર્મનીછે એટલે આપણા લોકોને ઘણું કરી પ્રીય લાગશે એવા હેતુથી મરેઠી ઉપરથી ગૂજરાતીમાં ભાષાંતર કરવા મેં ધારણા બાંધી.

જુઓ કે મરેઠી એ પરભાષા છે તેમ છતાં બનતા પ્રયત્ને સુધારી વધારી મારા સ્વદેશી ભાઈઓની સેવામાં મૂકતાં મને આનંદ થયા વિના રહેતો નથી.

આ પુસ્તક બહાર પાડવા બાબરાના ભાગદાર વાળા ઉનડભાઈ તથા મેહેરબાન મોરારજી શામળજી કુંતીઆણાના ફર્સ્ટ ક્લાસ માજીસ્ત્રેટ સાહેબે અતિ આનંદથી હોંશ બતાવી મદદ આપી માટે તેમનો તેમજ અગાઉથી થનારાં ગ્રાહકોનાં જે મુબારક નામો પછવાડે લખેલાં છે તેમણે મદદ આપી માટે તેમનો મારા ઉપર મોટો ઉપકાર થયોછે.

આ. વા.

૧૪૦૬

नारसिंहावतार नाटक.

(નાટકની રીત પ્રમાણે નમન કરી વિદુષકને નાચ કરાવવો.)

સુત્રધાર—આ જગો, સર્વ સભાસદોની આગળ નાટકનો પ્રારંભ કરવાને પરમેશ્વરનું સ્મરણ કરતો હતો, એટલામાં જોઉછું તો કોઈ વિચિત્ર પ્રાણી બે પગે નાચ કરતો દીઠો. એ કોણ હશે વારૂ ? કોઈ પણ ભગવત્‌જન કે સાધુ પુરૂષ હશે, એમાં તો સંશય નહીં. ચાલો તેને પૂછીએ જોઇએ. (તેની પાસે જઇને) અહો ! આપ કોણ છો ?

વિદૂષક—ખી, ખી, ખી, ખી, (હસેછે).

સુત્રધાર—આ તો ચમત્કાર જેવી વાત ! મારા પ્રશ્નનો ઉત્તર નહિ આપતાં હસેછે એતો નવી રીત લાગેછે. અહો મહારાજ !

વિદૂષક—હો મહારાજ, મહારાજ મદ્રાસ રહુંછું. હો મદ્રાસ.

સુત્રધાર—આંહી કેમ આવ્યો છો ?

વિદૂષક—કેમ, આવ્યો જેમ, પૂછો તેમ, આવ્યો આડો, તેમાં પડો, બાઇસાહેબ તો વડા.

સુત્રધાર—અરે ! નાહક બડબડ શું કરેછે.

વિદૂષક—મારે આંહી આવવાનું કારણ એ કે, હું મારા કામથી છૂટો થયો એટલે બીજે કે ફરી લાગ મળશે, એટલે

તારા મામ મામા મને ફોસલાવી કહેછે કે મારો એક મિત્ર સુત્રધાર છે તેની પાસે જા ત્યાં તારૂં કાંઈ કામ પડશે. એટલું સાંભળી કૂતરાની પેઠે ઉઠી તાકીદ કરી એટલે આંહી આવ્યો. પણ મેં વિચાર કર્યો કે આંહી આપણા સોબતો કામમાં મશ્ગુલ રહી શું શું ચમત્કાર કરેછે તે જોઊં. વાહ કામ કરવા બધા મંડી પડ્યાછે ને શું !

સુત્રધાર—(આશ્ચર્ય પામીને) અરે તું કોણ છે વારૂ ! મને ઓળખેછે અને મારૂં નામ પણ યાદ છે.

વિદૂષક—બાઇડીનું નામ લેવાને હરકત, તમારૂં નામ લેવાને શાની શરમ વારૂ ?

સુત્રધાર—આવા આ તારા બોલવાથી મને ખાત્રી થાય છે કે તું ખચીત મારો ઓળખીતો છે, માટે ડોક ઉપરથી એક ડાળ કાઢી મને મોં બતલાવતો ખરો. તારા સરખા મને મદદ દેનાર થોડાજ મળશે. માટે વિલંબ કર નહિ.

વિદૂષક.—(પ્રેકપરથી ડાળ ખસેડી વિલક્ષણ મોં કરીને) કાં ઓળખ્યો ? ભૂલશો માં, ચૂકશો માં, મૂકશો માં;

સુત્રધાર—(ઓળખીને) વાહ વાહ વિદૂષકા આટલી વાર સુધી મશ્કરીમાં કાઢ્યું. હવે તેમ નહિ કરતાં (સભ્યતાથી) આ સભાને નારસિંહાવતાર નાટક જોવાની ઇચ્છા છે તે આપણ બન્ને મળી પૂર્ણ કરીએ.

વિદૂષક—મારી પણ તેવીજ ઇચ્છા છે.

સુત્રધાર—ત્યારે તું નેપથ્યમાં જઈ પાત્ર તૈયાર કર એ-

ટલામાં હું મંગલ કરનાર દેવતાનો આશીર્વાદ માગું કે સુખેથી-નિર્વિઘ્ને-નાટક કરી શકાય.

વિદૂષક—ઠીક છે ત્યારે અંદર જાઉંછું.

સુત્રધાર— (ગણપતિની સ્તુતિ)

ગીતિ.

સર્વે સ્થળના વાસી, શૂભ કાર્યમાં સદા અગ્રભાગે;
સિંદુર શીરપર શોભે, શંકર સૂત તું સ્હાયથા આગે. ૧
અભય વચન દે મુજને, દાસનો વિનતિ શ્રવણ કરી ભારી;
સભાજન રંજન કરવા, નાટકમાં રસ પ્રેર્ય સંકટારી. ૨

(ગણપતિ પ્રવેશ કરેછે,-પડદો ઉઘાડવો)

ગણપતિ—વરંબ્રૂહી, વરંબ્રૂહી, વરંબ્રૂહી.

સુત્રધાર.—(ધ્યાન મૂકી દેઈને) હે ભક્તવત્સળ તારા ચરણે શીશ નમાવુંછું. (નમન કરેછે)

ગણપતિ.—શિષ્ય સૂત્રધાર તારૂં કલ્યાણ થાઓ. હે પુત્ર હું શીવ લોકમાં પિતાની પાસે મોટા આનંદથી તાંડવ નૃત્ય કરતો હતો એટલામાં તારી કરૂણામય વાણી સાંભળી આંહી આવ્યો, તને શું સંકટ છે તે મને કહી બતાવ.

સુત્રધાર— ગીતિ.

જનમન રંજન કરવા, નાટક આ મેં શરૂ કર્યું જાણો;
વિઘ્ન નડે નહીં તેમાં, એ વર માગું કૃપા કરી આપો. ૧

ગણપતિ—કહુંછું સાંભળ.

ભક્તિ કરવા ભાવે, ઇચ્છા તારી ખરેજ મેં જાણી;
વર આપું છું માગ્યું, તુજ પર પ્રેમ ઘણો ઘણો આણી.૧

સુત્રધાર—સંકટ હર્તા, સર્વ સમયે સર્વનાં સંકટ ભાગવા આપ સમર્થ છો.

ગણુપતિ—સાંભળ.

ગીતિ.

જે જે વિઘ્ન પડે તે, તે તે વખતે સ્મરણ કરે મારૂં;
સંકટ ભાગી તારૂં, કૈલાશપર હવે જવા ધારૂં. ૧

સુત્રધાર—આજ્ઞા મહારાજ, વંદન કરૂં છું.

(ગણુપતિ અદૃશ્ય થાયછે)

(સુત્રધાર સરસ્વતિમાતાની આરાધના કરેછે)

ગીતિ.

બૃહસ્પતિને કીધો, વાણીમાં તેં કૃપા ઘણી આણી;
દાસ કરે સ્તુતિ એની, સદા થજો તે પરોપકાર વાળી. ૧
તેવાં સંકટ મુજને, પડવાનો ભય ઘણો ઘણો ભારે;
કીર્ત્તિવંત તું કરજે, આપી મદદ મહા સરસ્વતિ માયે. ૨

(સરસ્વતિ પ્રગટ થાયછે.)

સરસ્વતિ— ગીતિ.

સદ ભક્તિના કર્ત્તા, માગવર તે અત્ર ઘડી આલું;
મનવાંચ્છિત પૂરીને, સંકટ સઘળાં દૂર કરી વાળું. ૧

સુત્રધાર—માતુશ્રી ચરણપર શીશ ધરૂંછું.

સરસ્વતિ— ગીતિ.

દાસા મુજને શાને, સ્મરણ કરવા જરૂર પડી તુજને;
કારણ શું છે એવું, શાંતિ કરૂં હું ક્ષણમાં ભકત જનને.૧

સુત્રધાર— ગીતિ.

સદગુણની ઇચ્છાથી, નાટક આ મેં શરૂ કર્યું જાણો;
વદવામાં શુભવાણી, આપવા કૃપા દયા ઘણી આણો. ૧

સરસ્વતિ—સાંભળ કહું છું.

ગીતિ.

વર આપું છું તુજને, બૃહસ્પતિની પેઠે વદ્દે વાણી;
વિઘ્ન વિદારણ થાશે, ચિંતા ઘટશે. સદા દુઃખ દાઇ. ૧

હવે હું મારે સ્થાને જઇશ. તું નાટક કર. પુનઃ કોઈ સંકટ આવે તો મને યાદ કરજે, દાસા તારૂં કલ્યાણ થજો.

(સરસ્વતિ અદૃશ્ય થાયછે.)

સુત્રધાર—લક્ષ્મીપતિ, દેવાધિદેવ, સચરાચર, દયાસાગરા, ભૂપતિ, હે કલ્પતરૂ,સેવકપર દયા કર, હે બ્રહ્મેશ, કનકવર્ણની કાયા જેવા, પાપનું નિવારણ કરનાર, શત્રુને મારનાર, ભક્તને તારનાર, તને આસ્થા પૂર્વક ભજુંછું. હું તારો દાસાનુદાસ છું તારે ચરણ છું.

(વિદૂષક પ્રવેશ કરેછે).

વિદૂષક—સુત્રધાર બાવા, અદ્યાપિસુધી તારૂં મંગળાચરણ પુરૂં કેમ થયું નથી?

સુત્રધાર—કેમ બાઇ ?

વિદૂષક—કેમ તે અમે તૈયારી કરીછે તેમ.

સુત્રધાર—ઠીકછે ત્યારે હવે નાટકનો આરંભ કરાવીએ.

વિદૂષક—કેવી રીતે.

સુત્રધાર—વિદૂષક, આ કનકાવતી નગરી છે એમ જાણ. આ વખત હિરણ્યકશ્યપુના પ્રવેશની યોજના કર.

પ્રવેશ ૧ લો.

સ્થળ: કનકાવતી નગરી.

રાજસભા.

હિરણ્યકશ્યપુ .. … … … …રાજા.
નરાંતક .. … … … … …પ્રધાન.
દેવાંતક… … … … … …સૈન્યાધિપતિ.

(ચોપદાર, હુજ્યે, હેર વગેરે.)

(સભામાંના સભાસદો સાથ હિરણ્યકશ્યપુ સભામાં પ્રવેશ કરે છે.)

હિરણ્યકશ્યપુ—(સભામાં આનંદથી) તમો સર્વ સદ્ગુણી સભાસદોછો, તેથીજ હું ભૂપતિમાં ગણાઉં છું; અને તેથી કરીનેજ મારી કીર્તિ ત્રણ લોકમાં ગાજી રહીછે. તમો

રાજ્યની ઉન્નતિ થવા બનતી કાળજી રાખોછો અને સોંપેલું કાર્ય નિર્વિઘ્ને ચલાવે જાઓછો તેથી હું બહુ મગ્ન થાઉંછું.

પ્રધાન—(હાથ જોડીને) મહારાજાધિરાજ, અમો તો આપના ચાકરછીએ. અમારી શોભા અને પરાક્રમ તે આપના પ્રતાપ વડેજછે. આપના પ્રકાશનાં કિરણવડે પ્રકાશીએ છીએ. આપનું બળ અને વિજય તે અમારોજ છે. આપનું પરાક્રમ પૃથ્વીપર ગાજી રહ્યું છે. મહારાજાધિરાજ આપની પૂર્ણ કૃપાથી અમો અમારૂં સ્વકર્મ કર્યે જઇએછીએ.

હિરણ્યકશ્યપુ—ધન્ય છે પ્રધાનજી, આ તારૂં માધુર્ય ભાષણ સ્વામિ ભક્તિ બતાવી આપેછે, તેનું વિશેષ વર્ણન કરવું યોગ્ય ધારતો નથી. પ્રધાન તો તારા જેવા જ્ઞાનીજ હોવા જોઇએ.

પ્રધાન—મહારાજ, વ્યર્થ મારી પ્રશંશા કરવાનું કાંઇજ પ્રયોજન નથી. હમે તો આપના દાસાનુદાસ છીએ, અને સુદૃષ્ટિછે એજ બસ માનીએછીએ, તેમ આપના હુકમને આધીન છીએ.

હિરણ્યકશ્યપુ—સૈન્યાધિશ, હમણાં નૂતન સેનાને યુદ્ધ કર્મ શીખવવાનું ઠરાવ્યુંછે તે ક્યાં સુધી શીખી તૈયાર થઇછે.

સૈન્યાધિશ—મહારાજ, નૂતન સેનાનો અભ્યાસ સારી રીતે ચાલ્યોછે. નાના પ્રકારની વ્યૂહ રચના, મલ્લાદિ યુદ્ધો એ સર્વ જાણેછે અને જે દૈત્ય કુળનું કપટ કર્મ તેમાં પૂર્ણ રીતે તાલીમ લીધી છે.

હિરણ્ય૦—સાબાશ સેનાપતિ સાબાશ.

(ચોપદાર હેર પ્રવેશ કરેછે.)

હેર—મહારાજ વંદન કરૂંછું.

હિરણ્ય૦—હેરા કલ્યાણ થાઓ. હમણાં શાં વર્ત્તમાનછે તે સંભળાવ.

હેર—હે ભૂપાળ અદિતિના પુત્ર-દેવ-સુર-ને તારી બીક બહુછે. તારા પરાક્રમથી તેઓ અહોનિશ થર થર કાંપે છે. પણ તારો ભાઈ હિરણ્યાક્ષ વરાહની સાથે લડાઈ કરતાં રણમાં પડ્યો, એ તારા ભાઇને વિશ્નુએ અવતારને લઇને માર્યો. આ વાત લોકોમાં ચોતરફ ફેલાઈ ગઈ છે, અને આથી કરી આપણને થોડી દીલગીરી નથી. ખરેખાત અફશોષ કારક ! !

હિરણ્ય૦—(એ વાત સાંભળીને.) હાય હાય! આ તો બહુજ ખરાબ. મારા શૂરવીર ભાઇનું મૃત્યુ એ મહા ઘોર કર્મ જેવુંછે. મારા જેવા શૂરવીર જેને ભાઈ છે તેનું ! મને બધી દિશાઓ શુન્ય લાગેછે ! હાય હાય હવે હું શું કરૂં ! મારા ભાઇવિના મને અભય વચન કોણ આપશે. અરે હું તો મહા શોક સાગરમાં ડૂબ્યો ! ચંદ્રના જેવા તેજસ્વી કપાળવાળા શીવ, આ કોપ મારાથી સહન થતો નથી. મને સર્વ શુન્યકાર લાગેછે! અરે ! મને બહુ ઉત્પાદ થાયછે, ઓ પરમેશ્વરા !

પ્રધાન—મહારાજ, ભાવિ મિથ્યા થતું નથી, થઈ ગયાનો શોક કરવો વ્યર્થ છે, શૂરવીર પુરૂષને શોક કરવો એ

દૂષણ છે, માટે શોક તજી દો. શોક કરવાથી કાંઈ થવાનું છે?

હિરણ્ય૦—અહાહા પ્રધાનજી ! મને કેવી રીતે શાન્ત કરવા ચાહે છે. હવે આ જીવને શાન્તિ થનાર નથી. મારી ધીરજ સર્વ જતી રહી, અરે હવે શું કરૂં. અહાહા ! મારૂં અસ્થિર ચિત્ત હવે સ્થિર શાથી થાય ? હે દૈવ, ભાઈ વગર હવે હું કોને હાક મારી બોલાવીશ ? હે શંકરા !!! તને શું આ શોક થતો નથી ?

પ્રધાન—મહારાજ, આપણે આ દુઃખ કેટલીવાર સુધી કરીશું, જે દુષ્ટ કાળે કરીને આપણ આ દુઃખ દરિઆમાં લોટીએછીએ, તેટલા માટે વિસ્નુનું મૂળ જે દેવ, ગાય, બ્રાહ્મણ અને વેદ એઓનો નાશ કર્યાથી વિસ્નુનું નિર્મૂળ થશે. માટે ઈંદ્રાદિ દેવતાને શિક્ષા કરવાનો વિચાર કરો, આ દુઃખ નિવારણ કરવાનો અન્ય ઉપાય નથી.

હિરણ્ય.—સાચી વાત પ્રધાનજી, એ દુષ્ટને શિક્ષા કર્યા વિના મને શાન્તિ થનાર નથી, ત્યારે હું હવે તેટલા સારૂ તપશ્ચર્યા કરવા જાઉં, ઘોર તપશ્ચર્યા કરીને બ્રહ્મ દેવ પાસેથી વરદાન માગું કે મારા સરખાને શિક્ષા કરવાને હું શક્તિમાન થાઉં. આ મારો વિચાર નિશ્ચય છેઃ મારા ગયા પછી રાજ્યનો પાકો બંદોબસ્ત રાખી પ્રજાનું પાલન કરજો. મારા ત્રણ પુત્રો વિદ્યાભ્યાસ કરેછે, તેની ઘડીએ ઘડી ખબર લેજો, આ ઘૂની ભલામણ તમને આપવી પડે તેમ નથી.

પ્રધાન—આજ્ઞા મહારાજ (હિરણ્યકશ્યપુ અંદર જાય છે.)

(પડદો પડેછે.)

પ્રવેશ ૨ જો.

રાજ મેહેલ.

પાત્ર.

કયાધૂ... .. . .રાજપત્ની.
માલતી ... ... તેની દાસી.
હિરણ્યકશ્યપુ . ...રાજા.

(દાસી સાથે કયાધૂ પ્રવેશ કરેછે.)

કયાધૂ—માલતી આજ શેનાં ફૂલની શયા કરવાનીછે.

માલતી—આપને જે પુષ્પની ઇચ્છા હોય તેની કરૂં આજ્ઞા કરો.

કયાધૂ—હું શું કહું બાઈ, તું ચતુરછે, અને તું જે કામ કરેછે તેમાં કોઈદિ કાંઈ ભૂલ થતી નથી.

માલતી—બાઈ સાહેબ, મારાં કરેલાં કામથી તમને આનંદ થાય છે તેથી ઉપકાર માનુંછું, પણ બાઈ સાહેબ હું અરજ કરી માગી લઉંછું કે આજ કયા પુષ્પની સેજ તૈયાર કરૂં.

કયાધૂ—હવે થોડો વખત રહયો છે, તારે જેની મરજી હોય તેની કર હું કહેનાર નથી. પણ વારૂ દાસી, કાલ રાત્રીએ પુરાણિકની પાસેથી પુરાણ સાંભળ્યું તેમાં શીવ પાર્વતીના સ્વયંવર વખતે શીવે પાર્વતીની પરીક્ષા લેવા સારૂ નાનું રૂપ

ધારણ કર્યું કે પાર્વતીની કેવી ઇચ્છાછે તે જણાય, તે વખતનો સંવાદ મનને ભારે વ્યગ્ર કરનારોછે, તે પર તારૂં લક્ષ હતું કે નહિ વારૂ ?

માલતી—મેં સંવાદ સાંભળ્યો ખરો પણ તેમાંની બધી વાત મને યાદ નથી, પણ એટલું યાદ રહ્યુંછે કે શંકરે પાર્વતીની પરીક્ષા કરવા બટુ વેશ ધારણ કર્યો.

ગીતિ.

ભૂતપતિ શીવ આવ્યા, ભસ્મ લગાવી કર્યુંછે વિષપાન;
મૃગચર્મ ઓઢીને, તૃતિય ચક્ષુ ઉઘાડી કોપવાન. ૧

કયાધૂ—માલતી, જે જે વાત આવે તે યાદ કરવી સજાવરછે. યાદ ન રહે એ કહેવું મને સારૂં ન લાગે. (થોડીવાર પછી) ઘણી વેળા ગઈ પરંતુ અદ્યાપિ પર્યંત સ્વામિનાથ કેમ પધાર્યા નહિ હોય ?

માલતી—હમણાં આવશે, એ વિચાર કરવા જરૂર નથી કેમકે રાજ્ય કાર્યભારના કોઈ અવશ્યના કારણસર થોડીવાર રોકાયા હશે, હવે આવશે.

કયાધૂ—માલતી તું ખરૂં કહેછે, પણ મારાથી એક ક્ષણ પણ વિયોગનું દુઃખ સહન થતું નથી, અને ચેન પડતું નથી. કેમ આવે છે કે શું ? (એટલામાં હિરણ્યકશ્યપુ આવ્યા એટલે કયાધૂ ઉભી થઈ હાથ જોડી રહી.)

હિરણ્યકશ્યપુ—(તેની સામે જોઇને) અહાહા ! આટલી વારસુધી મને બહુ વેદના થતી હતી, અને ઘણી જૂદી

જુદી જાતના તુરંગો ઉત્પન્ન થતા હતા, પરંતુ આ મેહેલમાં પેસતાંજ આનંદના ઉદધિમાં આવ્યો એમ ભાસેછે. આનો આનંદ ઓરજ છે. (તેના હાથ ઝાલીને) હે પ્રાણપ્યારી બેસ ઉભીછે શાસારૂ ? (બેસેછે)

કયાધૂ—(વિનયપૂર્વક) પ્રાણનાથ, દાસીની એક વિનતિ છે આપનો હુકમ હોય તો કહું.

હિરણ્ય૦—બોલ બોલ પ્યારી, તારૂં બોલવું અમૃત કરતાં પણ મધુર રસીક અને આનંદ દાયક છે.

કયાધૂ—આજ મંદીરમાં પધારતી વેળા આપના મુખા· ર્વિંદપર શોકકારક ચિન્હ મેં જોયું તેનું શું કારણ સ્વામિનાથ.

હિરણ્ય૦—પ્રાણપ્રીયે, આંજ હું સભામધ્યે બેઠો હતો એટલામાં બંધુના મરણની દુઃખદાયક વાત સાંભળી ત્યારથી મનમાં ઉદ્વેગ પ્રાપ્ત થયોછે, હવે જ્યારે બ્રહ્મદેવની તપશ્ચર્યા કરી વરદાન મેળવી દેવતા અને વિશેષે કરી કાળને શિક્ષા કરીશ ત્યારે શાંતિ થશે. એ કાર્ય પૂર્ણ થાય ત્યાંસુધી હું તને સુખ શાંતિમાં જોવા ઇચ્છુંછું. (તેને મોઢે હાથ ફેરવીને) આ ચંદ્રના જેવું સુશોભિત મૂખ જોવાને વખત મળવા અપે· ક્ષા રાખુંછું.

કયાધૂ—(આંસુ સાથે) આપના બોલવાપરથી નિશ્ચય થાયછે કે આપનો અને મારો વિયોગ થવાનો.

હિરણ્ય૦—પ્રીયે, તારા મૃદુ અને શોકજનક બોલવાપરથી ખાત્રી થાયછે કે મારી પાછળ વિયોગને લીધે તું દુઃખ કરશે,

ત્યારે તું સાંભળ, જ્યારે હું તપ કરવા જઇશ ત્યારે પાછળથી તું દુઃખ કરીશ તો મારી તપશ્ચર્યા કદી સફળ થશે નહિ. મને વરદાન મળેથી દેવોને શિક્ષા કરવાનું બની શકશે એ તારા મનમાં સારૂં લાગશે કે નહિ ? આવા વિચારથી મેં તપશ્ચર્યા કરવા નિશ્ચય કર્યો છે.

કયાધૂ—જેવી આપની ઇચ્છા.

હિરણ્ય૦—મારી એકલાની ઇચ્છાથી કામ થનાર નથી પણ આપણ બનેની-દંપતિ-ઇચ્છાની જરૂર છે.

કયાધૂ—સ્વીકાર કરૂંછું, હું આપની ઇચ્છા વિરૂદ્ધ કદી થઇ નથી તેમ થનાર પણ નથી.

હિરણ્ય૦—ઠીકછે ત્યારે સૂર્યોદય થતાં હું જઉં. હવે રાત્રી ઘણી ગઇ, ચાલ શયનગ્રહમાં આજની રાત્રી-બંધુના મૃત્યુથી થતા દુઃખ વિસારૂં-અને આપણો વિયોગ થવાનો છે માટે આજની રાત્રી બન્ને આનંદમાં ગુજારીએ.

(બન્ને જાયછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ ઇંદ્ર કચેરી.

પાત્ર.

ઇંદ્ર . ...અમરાવતીનો રાજા.
યમ. . ...યમપુરીનો રાજા.
વરૂણ ... .પશ્ચિમ દિશાના પ્રદેશનો રક્ષણ કર્તા.
અગ્ની ... ...વન્હીનો અધિષ્ટાતા દેવ.
પૃથ્વી (ગાયને રૂપે)... ...પૃથ્વી.
બૃહસ્પતિ ... . .અંગીરાના પુત્ર દેવતાઓના ગુરૂ.

ઇંદ્ર—વર્તમાન કાળમાં, પરમેશ્વરની અને બધા દેવતાની સાહ્યતાથી અમરાવતીમાં હું રાજ કરૂંછું, પરંતુ આંહી અમરપણું મેળવવાની ઇચ્છાએ કરી અનેક નિશાચર ગર્વમાં ગરક થઈ ઘોડાપર સ્વાર થઈ આવેછે, અને બધા દેવતાને ત્રાસ આપેછે. ત્રૃષિઓ યજ્ઞ યોગાદિ કર્મ કરેછે તેમને પણ ત્રાસ આપેછે, એમ અનેક સંકટો પેદા કરેછે, તેટલા માટે પરમેશ્વરે પૃથ્વી ઉપર બે મોહકારક વસ્તુ પેદા કરી છે. તેમાં એક સોનું અને બીજી સ્ત્રી. સ્ત્રી એ મૃત્યુ લોકમાં અને સોનું આ ઠેકાણે છે. તે સારૂ બધા દૈત્યો સોનાની

ઇચ્છા સારૂ ત્રાસ આપેછે; પરંતુ એક પરમેશ્વરની કૃપાથી અને ગુરૂની કૃપાએ કરી તેમના ઉપાયો નિષ્ફળ જાયછે. અસ્તુ. હે વરૂણાદિ સકળ દેવતાઓ, તમને પરમેશ્વરે જે જે કાર્ય કરવાની સોંપણી કરી છે તે યથાર્થ થાયછે કે?

સમસ્ત દેવતા—દેવેંદ્રા, પરમેશ્વરે અમો સકળ દેવતાને જે જે કામો સોંપ્યાંછે, તે યથાનુક્રમે વખતો વખત થયે જાયછે. બૃહસ્પતિ ગુરૂની કૃપા છે તો કોઈ વખત કોઈ વાતમાં વિઘ્ન આવતું નથી.

(એટલામાં ગાયને રૂપે પૃથ્વી પ્રવેશ કરેછે.)

પૃથ્વી—ત્રાહી! ત્રાહી! ત્રાહી! હે સર્વ દેવતામાં સર્વોત્તમ અમરાવતીના ઇંદ્ર! ત્રાહી! ત્રાહી! અરે! સાંપ્રતકાળમાં મૃત્યુલોકમાં પાપની વૃદ્ધિ થતી જતી જોઈ હું ભાર ઝીલી શકતી નથી. કેમકે મૃત્યુલોકમાં હિરણ્યકશ્યપુ નામનો દૈત્ય બહુ ઉન્મત્ત થઇ ત્યાંનાં સઘળાં માણસોને ઘણું દુઃખ દેછે. ઋષિઓના યજ્ઞ યોગાદિકર્મો બંધ થતાં જાયછે; ગૌ બ્રાહ્મણને મહા દુઃખ દેછે; એવાં પાપથી હું હવે ભાર સહન કરી શકતી નથી. શાંત થઈ કેમ બેઠાછો. શું તેણે કાંઈ ઉગ્ર તપ આદરેચુંછે? સૂર્યોદય થતો નથી, બ્રાહ્મણોનાં ષટ્કર્મો બંધ થયાં, એ તમામ દુઃખોથી મુક્ત કરો એટલીજ મારી વિનતિ છે.

ઇંદ્ર—કેવી ચમત્કાર જેવી વાત! હું આ વખત શાંત બેઠો હતો, એટલામાં આ અઘટિત વાત આવી. હવે આ સંકટ

ટાળવાનો શો ઉપાય કરીશું? જે જે વખતે આપણીપર સંકટનું વાદળ છવાઈ રહેછે તે તે વખતે ગુરૂ મહારાજ પ્રગટ થઈ આપણને સંકટમાંથી મુક્ત કરેછે; પરંતુ આજ ઘણી મુદત થઈ છતાં અદ્યાપિ ગુરૂનાં દર્શન થયાં નથી.

(એટલામાં ગુરૂ બૃહસ્પતિ આવેછે તેમને જોઈ સકળ દેવતા ઉભા થઈ વંદન કરી બેસેછે.)

બૃહસ્પતિ—હે દેવતામાં શ્રેષ્ટ ઈંદ્ર, આજ ચિંતાતુર ચ્હેરો દેખુંછું તેનું શું કારણ? પૃથ્વી ધેનુરૂપે આંહી આવી છે તેનું શું કારણ? એ તમામ વૃત્તાંતનું વર્ણન કહી બતાવ.

ઈંદ્ર—હે વાગ્પતિ શું કહું. હમણાં હમણાંમાં પૃથ્વીપર દુષ્ટ રાક્ષસ હિરણ્યકશ્યપુ નામનો દૈત્ય પ્રબળ થઈ તમામ પ્રાણી માત્રને ત્રાસ દેછે. પૃથ્વીપર પાપની વૃદ્ધિ ઘણી થઈ, તેટલું છતાં દૈત્ય પુનઃતપશ્ચર્યા કરી અમરાવતીનું અહિત કરવા ધારેછે. અગ્નિને તેનો હિસ્સો મળતો નથી, તેથી કરીને અમો દેવતાની શક્તિ ઘટી ગઈ છે, અને તે માટે શું કરવું તે ખાતે મતિ સૂઝતી નથી; તો તેનું નીવારણ કેમ કરવું તે બતાવવાની કૃપા કરશો.

બૃહસ્પતિ—અમરાવતીના રાજેંદ્ર શું વિચાર કરેછે. જ્યારે પરમેશ્વરે રાજી થઈને તને અમરાવતીનું રાજ્ય આપ્યું છે ત્યારે તે શું રક્ષણ નહિ કરે? સકળ દેવતા ચાલો સત્ય લોકમાં બ્રહ્મદેવ પાસે જઈએ તે કાંઈ યુકિત બતાવશે અને તેથી આપણું કાર્ય સફળ થશે.

(એમ કહી સર્વ દેવતા સત્યલોકમાં ગયા.)

પ્રવેશ ૪ થો.

સ્થળ બ્રહ્મ દેવની કચેરી.

પાત્ર.

બ્રહ્મદેવ... ...જગતની ઉત્પત્તિ, સ્થિતિને ક્ષય કરનાર.
સાવિત્રિ... ...તેની સ્ત્રી.
ઇંદ્ર...... ...અમરાવતીનો રાજા.
ચંદ્ર...... ...અત્રીના પુત્ર.
અગ્નિ... ...વન્હીનો અધિષ્ટાતા દેવ.
યમ .. ..યમપુરીના રાજા, પિતૃપિતા, ધર્મરાજ.
વરૂણ... ......પશ્ચિમદિશાના પ્રદેશનો રક્ષણ કર્તા.
બૃહસ્પતિ... ...અંગીરાના પુત્ર, દેવતાઓનાગુરૂ.

(વગેરે સર્વ દેવતા.)

બ્રહ્મદેવ—(સાવિત્રિ સાથે બ્રહ્મદેવ બેસે છે, એટલે સર્વ દેવતા પૃથ્વી સાથે પ્રવેશ કરેછે.)

સર્વદેવ—પિતામહ વંદન કરીએછીએ.

બ્રહ્મદેવ—કલ્યાણમસ્તુ.

પૃથ્વી—(સ્તુતિ કરેછે.)

ગીતિ.

દયાળુ હે બ્રહ્મદેવા, અઘોઘ્ન થયો મુજપરે ઘણો ભારી;
ભાર ઝીલી શકું ક્યમ, દેવ ગયા દશદિશા તણી બ્હારી. ૧

બ્રહ્મદેવ—ઇંદ્રાદિ સકળ દેવતાઓ, તમારા પ્રેઇના મોઢાપર નૂર નથી તેમજ પૃથ્વી આ પોકાર કરેછે તેનું કારણ શું છે?

ઈંદ્ર—મહારાજ આપનું બોલવું યથાર્થ છે, કેમકે પૂર્વે હિરણ્યાક્ષ પૃથ્વીપરથી પાતાળમાં જતો હતો તેવામાં પરમેશ્વરે વરાહ રૂપ ધારણ કરી તેનો અટકાવ કર્યો; નહિતો હિરણ્યકશ્યપુ સર્વ દેવતાને દુઃખ દેત. તે વખત હમે આપની પાસે આવ્યા નહોતા. સાંપ્રતકાળમાં પૃથ્વીપર સર્વ પ્રકારના યજ્ઞ યોગાદિ કર્મ બંધ પડ્યાં છે, સર્વ પૃથ્વી અસુર મય થઈ, સતકર્મનો લોપ થયો, દેવતાને પોતાનો હિસ્સો મળી શકતો નથી એટલુંજ નહિ પણ પુનઃ તપશ્ચર્યા કરી દેવતાને કોણ જાણે કયા પ્રકારનું નુકશાન કરવા ધાર્યું હશે તે કાંઈ સમજાતું નથી. મહારાજ, આ વાતનો વેળાસર યોગ્ય બંદોબસ્ત કરવો જોઇએ, એ મારે કહેવાનું છે.

બ્રહ્મદેવ—(થોડીવાર વિચાર કરીને) દેવેંદ્ર, દિતિનો પુત્ર મદોન્મત થઇને વારંવાર ત્રાસ દેછે, એ તેની કરેલી ભારે તપશ્ચર્યાનું ફળ હશે, કેમકે એવું અઘોર કર્મ કરવાનું તેને વર માળ્યું હશે તે ખરૂં; પણ આ હિરણ્યકશ્યપુનો વધ કરવાને એક પરમેશ્વરની સાહ્યતા જોઇશે; માટે આપણે સર્વ મળીને ક્ષીરાબ્ધિને કાંઠે જઈએ અને અનંત નિયંતા પરમેશ્વર, તેની સ્તુતિ કરીએ કે જેથી તેઓ આપણને આજ્ઞા કરશે તે પ્રમાણે વર્તણુક રાખીશું એજ આપણું કર્તવ્ય કર્મછે.

ઇંદ્ર.—ઠીકછે. (એમ કહી સર્વ દેવ અંદર જાયછે).

પ્રવેશ પમો.

સ્થળ ક્ષીર સમુદ્રનો કાંઠો.

પાત્ર.

ઇંદ્ર, વરૂણ, અગ્નિ, યમ, ચંદ્ર, સૂર્ય, બૃહસ્પતિ, બ્રહ્મદેવ,
(વગેરે સર્વ દેવતા ક્ષીર સમુદ્રને કાંઠે આવીને.)

બ્રહ્મદેવ— ગીતિ.

ભક્તવત્સળ ભગવંતા, કરૂણા સિંધુ દયાનીધિ દેવા;
સંકટ સમયે સમરૂં, નાહક તસ્દી દેવા નહીં હેવા. ૧
સંકટ પડતું જે જે, તારી લેવા ખરી શક્તિ ધારી;
તારી લે સંકટારિ, દુઃખ પડ્યું દેવોને સખ્ત ભારી. ૨

બૃહસ્પતિ— દોહરા.

દયાવંત કરને દયા, સર્વ દેવને કાજ;
તુજવિણ તારણ કોણછે, દુઃખ દેવને આજ. ૧
હીરણ્યકશ્યપુ દૈત્ય જે, કરે જૂલમ અપાર;
ધર્મ નાશ સઘળે થયો, ગૌ બ્રાહ્મણ પોકાર. ૨

ઇંદ્ર અને સર્વ દેવતા.— પદ.

કમલાપતિ આ દુઃખ નિવારો રે. ટેક.
મચ્છ રૂપ તેં સ્વચ્છ, ધરીને, શંખાસુરને માર્યો રે;
દૈત્યને મારણ કારણ તેં જે, દેવીનો અવતાર ધર્યો રે.
કમલાપતિ આ દુઃખ નિવારો રે.
આજ અવનીપર અસુર જોરાવર, કશ્યપુ નામને ટારો રે;

યજ્ઞ યોગાદિ કર્મ કર્યાનો, બંધ થયો સૌ ધારોરે.

કમલાપતિ આ દુઃખ નિવારોરે.

(એટલામાં ક્ષીર સમુદ્રમાંથી શબ્દ થયો, એટલે તમામ દેવતા હાથ જોડી ઉભા સાંભળેછે.)

નાભિ! નાભિ! નાભિ! બ્રહ્મદેવ, તમો સર્વ દેવતાનું સ્તોત્ર સાંભળી ઘણો સંતોષ પ્રાપ્ત થયો. સાંપ્રત કાળમાં હિરણ્યકશ્યપુ જ્યારે તપશ્ચર્યા કરવા જાય ત્યારે તમો સર્વ દેવતા મળીને હિરણ્યકશ્યપુની કનકાવતી નામની નગરીપર સ્વારી કરજો અને ક્યાધુ જે હિરણ્યકશ્યપુની સ્ત્રી તેનું હરણ કરીને લઈ જઈ નારદ પાસે ઉપદેશ કરાવવો, અને તેથી તેને પેટે ગર્ભ રહી જે પુત્ર જન્મશે તે મારો ભક્ત થશે, તેનું સંકટ નિવારણ કરવાને સારૂ હું અવતાર ધારણ કરીને હિરણ્યકશ્યપુનો વધ કરીશ.

સર્વ દેવતા—(આજ્ઞા મહારાજ, અમે સાષ્ટાંગ દંડવત્ કરીએ છીએ. અંદર જાયછે).

પ્રવેશ ૬ ઠો.

સ્થળ રંગભૂમિ.

પાત્ર.

સુત્રધાર અને વિદુષક.

(બંને પ્રવેશ કરેછે.)

સુત્રધાર—કાં વિદુષક, યોગ્ય ફળ મળ્યું કે?

વિદુષક—(જલદી ઉઠવા જેવો થઇને) ઓ સુત્રધાર તમે ખરેખરૂં બોલ્યા કે યુદ્ધમાં મરીને પિશાચરૂપ ધારણ કર્યું એ મેં અર્ધું સાંભળ્યું છે, પણ હું મારૂં જરા સારૂં બોલીશ.

સુત્રધાર—અરે ભાઈ, હું ખરેખર તારૂં સારૂં બોલવા ચાહુંછું ને બોલુંછું. તું યુદ્ધ કરવાને ગયો હતો તે ઠેકાણે કેવી રીતે ચમત્કારી યુદ્ધ થયું તે સાંભળવાની (સભા તરફ હાથ કરીને) આ સર્વની ઇચ્છા છે.

વિદુષક—સાંભળ કહુંછું.

દેવ અને દૈત્યની મોટી સૈના લડાઈના મેદાનમાં આવી કે ધૂળ એટલી ઉડી કે સૂર્યનારાયણ દેખાતો બંધ થયો. શૂર-વીરો બંદુકોના બ્હાર કરી રહ્યા છે, અને તેની ગોળીઓનો સણસણાટ ભડકાવી મારે તેવો લાગેછે; શૂરવીરો અરસ્પ-રસ લડેછે; ઘા વાગેછે અને ચીસે ચીસોનો અવાજ થાયછે; એવી રીતે બન્ને પક્ષનાં સૈન્યો રણક્ષેત્રમાં પૃથ્વીપર લડેછે. ગામનાં માણસો ત્રાસ પામી, બુઢા અને બાળકોને રાનમાં લઈ જાયછે; હથિયારો અહોનિશ વિજળીની પેઠે ચમક્યા કરેછે; એ જોઇને શૂરવીરને શૂરાતન આવેછે, અસૂરની પડતી જોવામાં આવેછે; એવી રીતે યુદ્ધ કરી અસુરોનો પરાજય કર્યો અને દેવો વિજયી થયા. પછીથી દૈત્ય સૈનાને લૂટી તેમની પાસે જે મૂલ્યવાન ચીજો હતી તે લઈ લીધી. જે દૈત્ય દશે દિશામાં બીક પ્રવર્તાવતો હતો તેપર ધુમાડાના ગોટા દેવેંદ્રે આજ ઉડાડ્યા. અને રાજ્યપની જે

ક્યાધુ તેને લઈ લીધી, તે બહુ આક્રાંદ કરતી પોતાના સ્વામિને પોકારી કહેછે કે, સ્વામિનાથ મારી વારે ચડો ચડો!!

સુત્રધાર કેમ તે વખતે તેનો સ્વામિ ત્યાં નહોતો ?

સુત્રધાર—મૂર્ખ હિરણ્યકશ્યપુ જ્યારે ગામમાં હતો, ત્યારે દેવતાઓએ યુદ્ધારંભ કર્યા નહીં હતો.

વિદુષક—ત્યારે શું તેની ગેરહાજરીમાં નગરીની ખુવારીકરીકે?

સુત્રધાર—એમાં શો શંશય. આજસુધી દેવ કોણ, તેનું આશ્રય ઠામ ક્યાંઈ નહોતું મળતું. અને દશે દિશામાં તેનો ડર લાગતો હતો, પરંતુ પરમેશ્વરે તે શંકટ ક્ષણમાં દૂર કર્યું. પરમેશ્વર સર્વ શક્તિવાન છે.

વિદુષક—વાહ ગપ્પીદાસ, ગપ્પાં શું મારે છે ! પાછળશું નાટક કરેછે !

સુત્રધાર—વિદુષક, હિરણ્યકશ્યપુ તપશ્ચર્યા કરીને આવ્યો અને આવા માઠા ખબર સાંભળ્યા ત્યારે બારે ક્રોધમય થઈ ત્રિલોકનો નાશ કરવાને ધારી બેઠો. સર્વ તીર્થસ્થળ બંદીશાળા બનાવ્યાં; દેવની અર્ધાંગનાઓને લઈ જવા લાગ્યો, સુરને દાસત્વનું નીચ કામ કરવા સોંપ્યું, અને કેટલાકને બંધીખાનામાં પૂર્યા, યજ્ઞ યોગાદિ કર્મો બંધ કર્યા, અને પોતાનો શક પ્રવર્તાવવા મંડ્યો.

વિદુષક—અહો! આશ્ચર્ય પણ મારે કહેવાનું એકે ક્યાધુ પોતાના સ્વામિ હિરણ્યકશ્યપુને છોડી કેવી રીતે દેવ પાસે રહી.

સુત્રધાર—દેવતાઓએ ક્યાધુને ઘણી વખત રાખી નહીં,

તે જ્યારે બહુ શોક કરવા લાગી તેવોજ નારદે તેને બ્રહ્મ જ્ઞાનનો ઉપદેશ દેવો શરૂ કર્યો. એક નારાયણ સિવાય આ સંસાર મિથ્યા છે, એવી રીતે તેના મનમાં ઠસાવ્યું એટલે તુરત તે શોક મુક્ત થઇ. આ વખત તેના ગર્ભાશયમાં ગર્ભ હતો, તે એક હજાર વર્ષ ગર્ભમાં રહી, હિરણ્યકશ્યપુ તપશ્ચર્યા કરી આવ્યો ત્યારે પુત્ર પ્રસવ થયો. તેનું નામ પ્રલ્હાદ, તે હમણાં પાંચ વર્ષનો છે. તેને હિરણ્યકશ્યપુ વિદ્યાધ્યન માટે પાઠશાળામાં મોકલવાનો સમારંભ કરેછે.

(એમ બોલી અંદર ગયો)

પ્રવેશ ૭ં મો.

સ્થળ રાજ્યસભા.

પાત્ર.

હિરણ્યકશ્યપુ.......................... રાજા.
દેવાંતક.............................. ...પ્રધાન.
નરાંતક............................. ..સૈન્યાધિપતિ
પ્રલ્હાદ.................................રાજપુત્ર.
ષંડામર્ક ....ગુરૂ.

(રાજપુત્રને તેડી બધા બેઠાછે, એટલે હિરણ્યકશ્યપુ પ્રવેશ કરેછે.)

હિરણ્યકશ્યપુ--(છોકરાને), બેટા હવે તારી શી ઇચ્છા છે તે કહે. લાડકા તારી સર્વ ઇચ્છા હું મોટા આનંદથી

પરિપૂર્ણ કરીશ. બોલ લાડકવાયા પુત્ર.

પ્રલ્હાદ—પિતાશ્રી અજ્ઞાનપણામાં મને જેજે શોખ હતો તેતે માટે આપે બહુ શ્રમ લીધો ને હજુ લોછો તેથી કરીને હવે મારે કોઈ પ્રકારની ઈચ્છા નથી. હવે મારે આપના ચરણાર્વિંદ પાસે એટલીજ વિનતિ છે કે મારા જ્ઞાનમાં વૃદ્ધિ થાય એવો ઉપાય લેવો જોઇએ કેમકે એ આપણું કર્તવ્ય કર્મછે, એમ કરવા ગુરૂ મહારાજ પાસે વિનતિ કરશોજી.

હિરણ્ય૦—અને સર્વ સભા.-સાબાશ, સાબાશ, સાબાશ.

હિરણ્ય૦—ગુરૂ મહારાજ, પુત્રનું કરેલું ભાષણ આપે સાંભળ્યું કે ?

ષંડામર્ક—રાજા યોગ્યછે. જેવો તું તેવોજ તારો પુત્ર સિંહના પુત્ર સિંહજ હોય. જેવો તું જ્ઞાની તેવો તારો પુત્ર જ્ઞાની જણાયછે. નાની ઉમરછે છતાં કેટલું જ્ઞાન છે. હવે તેને મારે સ્વાધિન કર એટલે તેમાં બુદ્ધિનું બીજ રોપીને તૈયાર કરૂં કે જેથી જગતમાં પ્રખ્યાત થાય.

હિરણ્ય૦—આજ્ઞા મહારાજ. (પ્રધાનને) પ્રધાનજી પુત્રને અભ્યાસ કરાવવા સારૂ ગુરૂ મહારાજને ઘેર મોકલવો છે, માટે ગુરૂજી જેજે સામગ્રી માગે તે તે આપવાની તૈયારી કર.

પ્રધાન૦—આજ્ઞા મહારાજ. સર્વ તૈયારછે. આપ પુત્રને ગુરૂજીને સ્વાધિન કરો.

(છોકરાનો હાથ ગુરૂજીના હાથમાં આપેછે.) ગુરૂજી

આ મારો અજ્ઞાન પુત્ર આપને સ્વાધિન કરૂંછું, તેનું પાલન કરી તેની બુદ્ધિમાં વધારો થાય એટલે મને ખબર દેવા. હું આપને વધારે શું કહું, કારણ આપ ગુણજ્ઞ છો, આપ જાણો છો કે આ પુત્ર મને પ્રાણથી વહાલોછે.

ષંડામર્ક—રાજા, તારા પુત્રને માટે તારે તલમાત્ર પણ ચિંતા કરવી નહી કેમકે તારા પુત્રને સર્વજ્ઞ પણું મળેલું જોવા તારે વધારે વખત લાગશે નહીં.

હિરણ્ય૦—ઠીકછે મહારાજ. (પુત્રને) બેટા, હું તારી ઇચ્છા પ્રમાણે ગુરૂજીને સ્વાધિન કરૂંછું. આજથી ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તી આપણા કુળનું અભિમાન રાખજે, અને જ્ઞાની થજે. જ્ઞાન રૂપી ભૂષણ ધારણ કરી મને મળજે, હવે જા.

પ્રલ્હાદ—પિતાશ્રી જેવી આજ્ઞા. આપે મારી બાબત જરા પણ ચિંતા કરવી નહીં (એમ કહી ગુરૂ પાસ જાય છે ગુરૂજી નમસ્કાર કરૂંછું, આ આપનો શેવક આપની સેવા કરવાને આવેછે તેને સંભાળો.)

ષંડામર્ક—પુત્ર બેસ. (પોતાની જોડે બેસારીને) રાજા હવે હું જઇશ તારા પુત્રને હું સારૂં જ્ઞાન આપીશ.

હિરણ્ય૦—ઠીકછે, મહારાજ નમન કરૂંછું. (નમેછે.) (પ્રલ્હાદ સાથે ષંડામર્ક ઘર તરફ જાયછે.)

હિરણ્ય૦—પ્રધાનજી પુત્રની વારે ઘડીએ ગુરૂજીની પાસે જઈ ખબર લેતા રહેવી. કાંઈ જોઇતું કરતું પૂરૂ પાડવું હું

મૃગયા રમવા અરણ્યમાં જાઉંછું.

પ્રધાન—આજ્ઞા મહારાજ.

(પડદો પડેછે).

પ્રવેશ ૮ મો.

સ્થળ પાઠશાળા.

પાત્ર.

પંડામર્ક.....................મુખ્યગુરૂ.

પ્રલ્હાદ.....................રાજપુત્ર.

અગ્નિવેદ.....................મુખ્ય શિષ્ય-વડ નિશાળીઓ.

(કેટલાક શાળાના છોકરાઓ)

(શાળામાં પઢતા છોકરાની સાથ, પ્રલ્હાદ સહ પંડામર્ક ગુરૂ પ્રવેશ કરેછે.)

ગુરૂ—પ્રલ્હાદ, છોકરાની સામાન્ય વર્તણુંક કેવી જોઇએ.

પ્રલ્હાદ— ગીતિ.

પ્રાતઃકાળે ઉઠી, નમન કરો ગુરૂ તણું બધા ભાઈ;
માત પિતા સંભારી, દાતણ પાણી સ્નાન કર્મ થાઈ. ૧
પુસ્તક હસ્તક લઇને, પાળો આજ્ઞા ગુરૂ કરે જે જે;
સારગ્રહી સર્વોત્તમ, તજવું જે ગુરૂ તજાવે તેતે. ૨

ગુરૂ—સાબાશ બેટા પ્રલ્હાદ સાબાશ. અગ્નિવેદ હું હમણા સ્નાન કરવા જાઉંછું માટે આવું ત્યાં સુધી શાળા સંભાળજે.

અગ્નિ૦—આતા મહારાજ. (ષંડામર્ક જાયછે.) પ્રલ્હાદ, ગુરૂજીએ પ્રશ્ન કર્યા તેનો યોગ્ય ઉત્તર દેવાનું જ્ઞાન તને ક્યાંથી થયું તે કહી બતાવ.

પ્રલ્હાદ—ભાઈ, ગુરૂજી અને પરમેશ્વરની કૃપાએ કરીને મને થોડા વખતમાં કેવી રીતે જ્ઞાન થયું તે કહુંછું સાંભળ. પૂર્વે મારા પિતા તપશ્ચર્યા કરવા ગયા હતા તે વખત દૈત્ય અને દેવનું યુદ્ધ થયું, તેમાં દેવતાઓ પોતાને બળે કરી દૈત્યોનો પરાજય કરી મારી માતુશ્રીનું હરણ કરી ગયા. ત્યાં મારી માતુશ્રીને નારદજીએ તત્વનો ઉપદેશ કર્યો ત્યાંથી મને સ્મરણ થયું. તે તારે જ્યારે સાંભળવાની ઈચ્છા થાય ત્યારે કહેજે હું કહી બતાવીશ.

અગ્નિ૦—પ્રલ્હાદ, અમારે હમેશાં સદ્ઉપદેશ સાંભળવાની ઈચ્છા વારંવાર થાયછે માટે તું અમને સંભળાવ.

પ્રલ્હાદ—સર્વ વસ્તુ મિથ્યા છે.

અગ્નિ—કેવી રીતે ?

પ્રલ્હાદ— श्लोक.

संसारसिंधुरूपेणमीनरूपेणमानव:

जंजालजाळरूपेण कालरूपेणधीवर: ॥१॥

અર્થ—ભાઈઓ આ સંસાર સાગર રૂપછે, તેમાં આપણ માણસો માછલાંરૂપી છીએ અને જંજાળરૂપી જાળમાં ફસાઈ રહેલાં છીએ, તેમાં ઢીવર—માછીમાર—કાલ રૂપી છે.

श्लोक.

आयुर्वित्तंचकीर्तिश्च विद्यानिधनमेवच
पंचैतानिहिसृज्यंते गर्भस्तस्यैवदेहिनः ॥१॥

એ છોકરાઓ, જે વખત પ્રાણી ઉત્પન્ન થાયછે, તે વખત બ્રહ્મા તેનું આયુષ્ય, તેને મળવાનું જે ધન તે, તેની થવાની કીર્તિ, અને તેને જે વિદ્યા-ધન મળવાનું તે, એ સર્વે તેના કપાળમાં લખેછે—ગર્ભમાં હોય ત્યારથીજ—

એમ છે ત્યારે પ્રાણીઓએ જગતમાં ઉત્પન્ન થઇને અલ્પ સાધન ભેગવવા શામાટે ઉપાય કરવા જોઇએ. આત્મબોધનો વિચાર કરતાં પેહેલાં એક બીજો વિચાર કરવો કે વસ્તુમાત્ર ભય ભરેલી છે. ફકત એક પરમેશ્વરનું નામ નિર્ભય છે એમ જાણો. કારણ કે,

श्लोक.

भोगेरोगभयं सुखेक्षयभयं वित्तेषुराज्ञाभ्दयं ॥
विद्यावादभयं तपेंद्रियभयं रुपाभ्दयं योषितां;
हर्षेशोकभयं रणेरिपुभयं कायेकृतांताभ्दयं;
इत्थंजन्मनिरर्थकं क्षितितलेविष्णोःपदेनिर्भयं.

બાલકો, સાધારણ વિચાર કરતાં આપણે સંસાર સુખનો

પૂર્ણ અનુભવ મેળવ્યા પછી સુખ દુખની ખબર પડે. જ્યારે આપણે સુખને સારૂ સારૂં સારૂં ખાવા લાગીએ તો નિશ્ચે કરીને આપણને રોગનો ભય લાગે, અને નાના પ્રકારનાં ભોગ વિલાસનું સુખ લેવા જઇએ તો ક્ષયનો ભય, આપણી પાસે પુષ્કળ પૈસો હોય ત્યારે રાજા લઈ લેશે તેનો ભય, આપણે ઉત્તમ વિદ્યા સંપાદન કરી, ઉત્તમ રીતે ગર્વ રહિત રાખે તો શ્રેષ્ટ, પણ માણસથી તેમ રહી શકાતું નથી, અભિમાન પ્રાપ્ત થાયછે ત્યારે તેને વાદનો ભય, જ્યારે સર્વ અસાર છે એમ જાણી ઈશ્વર ભક્તિ કરવા અરણ્યમાં જઈ તપ કરવા જાય ત્યારે આપણી ઇંદ્રીઓ વશ રહેશે કે નહીં તેનો ભય, રૂપવાનને સ્ત્રીનો ભય, હર્ષને શોકનો ભય, યુદ્ધમાં શત્રુનો ભય, અને એમ સમજે કે કાયા નિર્ભયછે તો તેને મૃત્યુનો ભય, સારાંશકે આ મનુષ્યાવતાર નિર્થક સમજીને પરમેશ્વર નારાયણનું પદ નિર્ભયછે, તેની પ્રાપ્તી કરવા સ્થિરચર વ્યાપક એક જગદાત્માછે એમ જાણીને હમેશાં સર્વ પૃથ્વીપર રહેલાં પ્રાણીપર દયા કરવીઃક્ષમા અને શાન્તિ પોતાને સ્વાધિન કરવાં; અને મોંઢેથી હમેશાં નારાયણના નામનો ઉચ્ચાર કરવો. (એટલો બોધ કરીને પ્રહ્લાદ બધાની સાથે ભજન કરવા લાગ્યો.

भजन.

नारायण हरिनारायण, नारायण नारायण.

(સર્વ છોકરા ભજન કરે છે એટલામાં ષંડામર્ક પ્રવેશ કરે છે.)

ષંડામર્ક—(આ કોણનો સાદ) અરે ! મારી પાઠશાળામાં આજ નારાયણ નામના શબ્દનો ઉચ્ચાર થાય છે તે શું? ધણું કરીને તે પ્રલ્હાદજ હશે, એમાં સંશય નહીં, જ્યારે હિરણ્યકશ્યપુ એ સાંભળે તેજ વખત તે મારૂં શીર છેદન કરશે, માટે આ વિચાર વાજબી છે કે પુત્રને લઈ જઈ રાજાને સ્વાધિન કરૂ અને આપણે મોકળા રહીએ પછે જે થવાનું તે થશે.

(એમ કહી શાળામાં ગયો અને બધા ભગવત સ્મરણમાં લાગેલા જોઇ ક્રોધથી) કેમ અલ્યા અગ્નિયા શું ચાલેછે એ?

અગ્નિ—સ્વામિ, નારાયણ નારાયણ નારાયણ.

ષંડા—અરે મૂર્ખ તું શું બોલે છે?

અગ્નિ—નાહીં સ્વામિ, નહીં નહીં નહીં.

(પ્રલ્હાદ તરફ હાથ કરીને) આઃ !

ષંડામર્ક—તુ સ્વસ્થ બેસ (પ્રલ્હાદને) પ્રલ્હાદ શુંછે?

પ્રલ્હાદ—મહારાજ, પરમેશ્વરના નામનું સ્મરણ કરીએ છીએ, આપના ક્રોધને સમાવો.

ષંડા—ઠીકછે; ચાલ તારા પીતાને સ્વાધિન કરૂં.

પ્રલ્હાદ—ચાલો મહારાજ (બધા અંદર જાય છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ રાજ્ય સભા.

પાત્ર.

(હિરણ્યકશ્યપ, દેવાંતક, નરાંતક, પ્રલ્હાદ, ષંઢામર્ક,)

(બીજી સેવક મંડળી.)

(બધાની સાથે હિરણ્યકશ્યપુ પ્રવેશ કરેછે.)

હિરણ્યકશ્યપુ—પ્રધાનજી, પુત્રના શા ખબર છે.

પ્રધાન—મહારાજ, આપના પુત્રે ઉત્તમ પ્રકારની વિદ્યા સંપાદન કરી છે. વિદ્યા શીખવતા ગુરૂ મહારાજને બીલકુલ શ્રમ પડતો નથી, એ વર્તમાન છે.

(ષંઢામર્ક સાથે પ્રલ્હાદ પ્રવેશ કરેછે.)

હિરણ્ય૦—(ઉભા થઈને) ગુરૂજી વંદન કરૂંછું, આ આસનપર પધારીએ (હાથે કરી આસન બતાવ્યું.)

ગુરૂજી—રાજા વિજ્યાસ્તુ આ તારો પુત્ર ઉત્તમ જાતની વિદ્યા ભણી જ્ઞાની થયો છે. હવે તેને સંભાળ.

(એમ કહી પ્રલ્હાદ તેને સ્વાધિન કર્યા)

હિરણ્ય૦—બેટા ગુરૂની પાસેથી તું શી શી વિદ્યા શીખ્યો તે કહે.

પ્રલ્હાદ—પિતાશ્રી ગુરૂજીએ યથાનુક્રમે જે વિદ્યા જેવી રીતે શીખવી તે હું આદર પૂર્વક સ્વિકારી શીખ્યો.

હિરણ્ય૦—બેટા રાજપુત્રની સાધારણ વર્તણુક કેવી જોઈએ ?

પ્રહ્લાદ—પ્રાતઃકાળમાં ઉઠી સદ્‌ગુરૂના ચરણાર્વિંદનું સ્મરણ કરવું. ત્યાર પછી પિતાજીને વંદન કરી મૃગયા રમવા જવું. કૃર મૃગોનો સંહાર કરવો, તેમજ માણસોને દુઃખ દેનાર. શાર્દુલ, સિંહ, શુકર, તરશ, વગેરે ઘણી જાતનાં માંસાહારી પ્રાણીઓ છે તેનો ઘાત કરવો. ત્યાંથી આવી સાવધાન થઈ પોતાનું કર્તવ્યકર્મ કરવું. માબાપની આજ્ઞા પ્રીતિથી શીરપર ચડાવવી, બધાં પ્રાણીપર દયા વૃત્તિ રાખવી, આ સર્વ મિથ્યા છે એમ માનવું, ઈશ્વરનું ભજન માત્ર સાચું છે. એમ જાણવું, કે જે ત્રિવિધ તાપનો કાપનાર છે, નારાયણના નામ શિવાય કયારે પણ મૂખ નવરૂં ન રેહેવા દેવું, જે ઈશ્વરને સંભારે છે તેને કોઈ જાતનું વિઘ્ન આવતું નથી.

હિરણ્ય૦—(છોકરાનાં વચન સાંભળીને મહાક્રોધમય થઈને પ્રહ્લાદને મારવા દોડ્યો.) હુરચા, એવું ગુરૂજીએ શીખવ્યું છે કેમ ! (પ્રધાનને) પ્રધાનજી તે ગુરૂને બાંધી લાવ, એણે મારા પુત્રને અનીતિ કેમ શીખવી તે પ્રથમ વિચારવાનું છે.

પ્રધાન—(તે પ્રમાણે કરીને) કેમ ગુરૂજી, રાજપુત્રને આવી અનીતિ શીખવી કે !

ગુરૂ—(ધ્રૂજતો ધ્રૂજતો) અરે બાઈ એ હું બધું સમજું છું એમાં મારો લેશમાત્ર અપરાધ નથી એ ખચીત સમજો.
હિરણ્ય૦—ત્યારે શું તે પોતાની મેળે આમ બોલે છે ?

ગુરૂ—રાજા શું કહું! ! મેં તેને ઘણી વખત કહ્યું છે કે તું જેનું નામ લે છે તેની સાથે તારા પિતાને હાડવેર છે માટે તું તેનું બીલકુલ નામ ન લે, અને બહુએ વાર કહ્યું કે તારા બાપ એજ જગતના તારનાર પ્રભુ છે, પણ તેણે મારૂં કહ્યું નહીં સ્વિકારતાં મારી આખો શાળા બગાડી અને તેને ઉલટો જ્ઞાનોપદેશ કરવા લાગ્યો, જેથી હું તારા પુત્રને તારી પાસે લાવ્યો હવે તારી નજરમાં આવે તેમ કર.

હિરણ્ય૦—એમ કેમ? એ મૂર્ખ અને પાપી પુત્ર તું કુષ્ટ કાળનું નામ લેવું મૂકી દે નહીંતર મોત થશે.

પ્રહ્લાદ—ગીતિ.

(જે)પ્રીયનામ છે મુજને, ત્યાગ કરાવા ચહો તમે તેને;
નારાયણ નારાયણ, સર્વોત્તમ ભાસે છે તે મુજને. ૧
ભજતાં પાપ ટળે સહુ, વિઘ્ન દ્વાદશ ગાઉ રેહે દૂરે;
ભવ સિંધૂ તારે તે, નારાયણનું નામ ધરો ઊરે. ૨

(હિરણ્યકશ્યપુ એવામાં અતિશય ક્રોધાયમાન થઈને શસ્ત્રનો પ્રહાર કરે છે એટલે શસ્ત્રની ધાર બેશી ગઈ.)

હિરણ્ય૦—(દાંત કચડીને) પાપી, કપુત કેમ તું મરતો નથી. અઃ પ્રધાનજી સર્વ મળી આ કપુતપર શસ્ત્ર પ્રહાર કરી ટુકડે ટુકડા કરી નાંખો. મારે એ કપુતનું કામ નથી.

પ્રધાન—મહારાજ આ અજ્ઞાન બાળક છે તેને ઉપદેશ કરાવી સંમજાવવાનું કરો.

પ્રહ્લાદ—પ્રધાનજી, આપણા પિતાની પાસે નહીં મારવાની વાત કેમ કરો છો? નારાયણ મારૂં રક્ષણ કરનાર

સમર્થ છે.

હિરણ્ય૦—રે દુષ્ટ પ્રધાન! અદ્યાપિ આ દુષ્ટ કપુતનો જીવ રાખી રહ્યો છે, માર માર શું જુએ છે? (પ્રહ્લાદ પર સર્વ દૈત્યો પ્રહાર કરે છે એટલે સર્વના શસ્ત્રની ધાર બેશી જાય છે). અરે કપુત તું કોનું સ્મરણ કરેછે બોલ!

પ્રહ્લાદ— ગીતિ.

અંગે કવચ ધર્યુંમેં, હરિનામનું કહું શૂણો જ્ઞાની;
શસ્ત્ર શું વાગે મુજને, હરિહર હરિહર કરે કૃપા દાની. ૧

હિરણ્ય૦—(ક્રોધથી) પ્રધાનજી, આ કપુતનું મારે કાંઈ પણ કામ નથી, તેને પગથી માથા લગી અગ્નિ લગાડો યા તો હાથીને પગે બાંધી મારી નાંખો.

પ્રધાન—આજ્ઞા મહારાજ. (એમ કહી સર્વ અંદર જાયછે)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ રંગભુમિ.

પાત્ર.

સુત્રધાર અને વિદુષક.

વિદુષક—અહોહો સુત્રધાર બાવા, તે બિચારા અજ્ઞાન રાજપુત્રનું દુઃખ જોઇને સ્વસ્થ કેમ બેઠાછો ?

સુત્રધાર—અરે ભાઈ હું સ્વસ્થ નથી બેઠો. તેની કેવી અવસ્થા થઈ અને પરમેશ્વરે તેનું રક્ષણ કયા પ્રકારે કર્યું તે હું કહુંછું સાંભળ.

ગીતિ.

હાથીને પગ બાંધ્યો, પ્રલ્હાદન તે વખત ધણો ભારી;
હસ્તી ભયભિત થઇને, શુંઢવતી ઝટ લીધોજ ઉગારી. ૧
સમુદ્રે નાંખ્યો તેને, ઈશ્વરી નૌકે કરી તેની સ્હાય;
ઈશ્વરી અકળ કળાછે, તે જુઓ જુઓ આર્ય સહુ બાઈ. ૨
સર્વ પ્રકારે તેને, નારાયણની સ્હાય ભલી આવી;
ઈશ્વરી અકળ કળાછે, તે જુઓ જુઓ આર્ય સહુ ભાઇ. ૩
વિષ પાવાને આપ્યું, રાજપત્નિએ પ્રલ્હાદને હાય,
અમૃત પેઠે પીને, સ્વસ્થ (થયો) તે હરિતણો દાસ. ૪

(સર્વ અંદર જાયછે.)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ કયાધુનું મંદિર.

પાત્ર.

કયાધુ… … . . … … … .. પ્રલ્હાદની મા.
પ્રલ્હાદ… … .. … … … રાજપુત્ર.

(પ્રલ્હાદની સાથે મહાશોકાતુર ચ્હેરે કયાધુ પ્રવેશ કરેછે.)

કયાધૂ—બેટા પ્રલ્હાદ તું નાહક હઠ ન કર, બેટા તું વિષ્નુના નામનું સ્મરણ કર નહીં. તું તારો હઠ મૂકતો નથી એટલાં મારાં બૂરાં કિસ્મત કે જેણે કરી મારે અઘોર કર્મ કરવું પડેછે. તારી હઠ મૂક.

પ્રલ્હાદ—માત તું વ્યર્થ શોક શા માટે કરેછે. આ વિષ પીધાથી મને કાંઈજ થનાર નથી. તે વિષ મારે દૂધ બરાબર છે. તેં મારૂં રક્ષણ કર્યું છે તો તે વિષ મારે મન વિષ બરાબર નથી એમ જાણ. જોકે શંકરે વિષ પીધું તો તેનું નીલકંઠ નામ પડ્યું, તે વખતે જેમ વિષ પોતાનો ગુણ છોડી ભૂષણ રૂપે થયું તેજ પ્રમાણે હું નારાયણનું સ્મરણ કરૂંછું ને તેનો આશરો છે તો મારે મન તે વિષ અમૃત સરખું છે. તું નચિંત થા મારા જીવનું સારી રીતે રક્ષણ કરનાર સમર્થ છે.

કયાધુ—(વિષ પાયા સિવાય અન્ય ઉપાય નથી એમ જાણી શોક કરેછે.) હે વિશ્વકર્તા, મેં પેલે ભવ શું અઘોર પાપ કરેલું કે આજ મારે હાથે કરી આ સુકુમાર પુત્રનો ઘાત થાયછે. હાય હાય!! રે કાલકૂટ વિષ તને બે શબ્દ કહુંછું કે પીતાં પેહેલાં અમૃત જેવું અને મધુર થજે. ભગવાન પૂર્વે મેં ધાવતાં બાળક વછોડાવ્યાં હશે!! તેનું પાતક મને આજ નડ્યું કે શું! બેટા, હું આજ તારી મા નથી, તારો વેરણ છું એમ જાણ અને આ વિષ પી. (એમ કહી કાલકૂટ વિષની વાટકી ઉચકી પ્રલ્હાદના મોઢા પાસે લાવી મૂર્છાગત થાયછે.)

પ્રલ્હાદ—(નારાયણના નામનું સ્મરણ કરી વિષ પી જાયછે તે પીધાથી તેને કાંઈ થયું નહીં). માતુશ્રી, સાવધ થા સાવધ થા, મને વિષ પીધાથી લેશમાત્ર હરકત પહોંચી નથી, ત્યારે તું વ્યર્થ પોતાના જીવને શા માટે દુઃખાવેછે. ઉઠ ઉઠ.

(તેની આંખોએ ટાઢું પાણી મૂકી સાવધ કરેછે.)

કયાધુ—(સાવધ થઇને પ્રેમથી) બેટા, વિષ પીવાથી પરમેશ્વરે તારૂં રક્ષણ કર્યું કે ! સાબાશ!!

પ્રહ્લાદ—માતુશ્રી મેં મારા હાથમાં વિષ લીધું કે અમૃત સરખું લાગ્યું, હવે મને મારા પિતાની પાસે જવાની આજ્ઞાદે.

કયાધુ—બેટા હમણાં ત્યાં જવું રહેવા દે કેમકે નહિ તો તને મારવા બીજા ઉપાયો કરશે.

પ્રહ્લાદ—માતુશ્રી મારા પિતાના મારવાના ઉપાયથી મને કાંઈ થનાર નથી. તું ચિંતા ન કર.

(એમ કહી જાયછે.)

પ્રવેશ ૧૨ મો.

સ્થળ રાજ્ય સભા.

પાત્ર.

આઠ પ્રધાન સાથે રાજા હિરણ્યકશ્યપુ, પ્રહ્લાદ, નૃસિંહ, લક્ષ્મીજી અને સર્વ દેવતાઓ.

(ચિંતાતુર અને ક્રોધમય ચ્હેરે, હિરણ્યકશ્યપુ પોતાના પરિવાર સાથે આસને બેસેછે.)

હિરણ્ય૦—(પ્રહ્લાદને) કાં કપુત વિષથી તારૂં મૃત્યુ ન થયું?

પ્રહ્લાદ—પિતાશ્રી નામના મંત્રે કરીને ઝેરનું અમૃત થઈ ગયું, ઈશ્વરના નામનો મહિમા થોડો છે?

હિરણ્ય૦—(ક્રોધથી) પ્રહ્લાદ તારૂં રક્ષણ કરનાર દુષ્ટ કોણ

છે ? અને તે કઈ જગોએ રહેછે તે કહે એટલે પ્રથમ તેનો નાશ કરી પછીથી તારો જીવ લઉં.

પ્રલ્હાદ—પિતા શ્રી, મારો રક્ષક, સચરાચર વ્યાપક અને સર્વાંતર્યામિ વાસ કરનારો છે.

દોહરો.

ભૂમંડળ ઉદક અને, તેજ વાયુ આકાશ;
સ્થિરચર વસ્તુ જ્યાં રહી, ત્યાં છે તે અવિનાશ. ૧

મહારાજ તે મારા હૃદયમાં છે, અને સર્વ સભાસદો ના હૃદયમાં પણ છે.

હિરણ્ય૦—(ક્રોધથી) કપુત આ મારૂં હથિયાર જોયુંછેકે?)

પ્રલ્હાદ—હા.

(એટલામાં ભ્રમિત થઇને હાથમાંથી શસ્ત્ર મૂકી દે છે અને હિરણ્યકસ્યપુને સર્વ ઠેકાણે નૃસિંહ રૂપ દેખાવા લાગ્યું.)

હિરણ્ય૦—(સ્થંભ કને જઇને) બોલરે બોલ આ સ્થંભમાં તારો પિતા છે કે?

પ્રલ્હાદ—હા મહારાજ (એટલું કહ્યું કે હિરણ્યકશ્યપુ ક્રોધથી તે સ્થંભને લાતો મારે છે એટલે સ્થંભમાંથી ગુરગુર જેવા ભયંકર શબ્દ થઈ ઉલ્કાપાત જણાયો, ધરતી ધૂજવા લાગી, નક્ષત્રો પડવા લાગ્યાં, અને ત્રણ લોકમાં બીક પેદા થાય એવા કડાકો થઈ સ્થંભમાંથી નૃસિંહ મૂર્ત્તિ પેદા થઈ ને નખવતી દૈત્યનો વધ કર્યો તેથી પોતાનો ક્રોધ શાંત નહીં થયો જાણી લક્ષ્મી સહ સર્વ દેવતા આવી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા, લક્ષ્મીજીએ નૃસિંહાવતારની આરતી

ઉતારી અને પ્રલ્હાદે તેમની સ્તુતિ કરી પછી નૃસિંહભગવાને તેને આશિર્વાદ દઈ સુખી કર્યો.)

આરતી.

જય વિભુ જગત્રાતા, જય વિભુ જગતાત્રા;
બાળકપર કરૂણા કરી (૨), બક્ષ તું સુખશાતા. જયદેવ જ૦૧
મીરાંબાઈ આસ્તિક, ખરી દાસીતારી (૨);
હાથ ગ્રહી પ્રભુ તેનો (૨) ભકતાણી તારી. જયદેવ જય૦૨
સત વકતા અહોનિશ, હરિચંદ્રજ તારો (૨);
પુત્ર સજીવન કરીને (૨), આખર તે તાર્યો. જયદેવ જયદેવ૦૩
નૃસિંહમેતો નાગર, જીરણગઢવાશી (૨);
મનવાંચ્છિત પુરી તેં (૨), થઈ નગરવાશી, જયદેવ જયદેવ૦૪
ગરીબ બિચારો બ્રાહ્મણ, સુદામાજી સારો (૨)
ભકત હતો તારો તો (૨), ભવસિંધુ તાર્યો. જયદેવ જયદેવ૦૫
અજામેલ પાપી, નહીં ઇશ્વર આસ્થા (૨).
નારાયણ સુત નામે(૨), મુકત થઈ અવસ્થા.જયદેવ જયદેવ૦૬
(એમ) ભકત તાણું પણ રાખ્યું, કરી સુતવાત્સલ્યતા (૨);
પ્રલ્હાદ સેવક તાર્યો(૨), કહે આનંદે વકતા. જયદેવ જયદેવ.૭

સમાપ્ત.

ॐ

आर्यवत्सल सभा.

કુંતીઆણા.

ફાલ્ગુન સુદ ૧ સંવત ૧૯૩૬

मूळतत्वो तथा धारा.

કહેવા કરતાં કરી બતાવવું એ બહુ મુશ્કેલ છે. મોટી મોટી વાતો-ભાષણો-નિબંધોથી દેશની ઉન્નતિ થવાને વધારે વખત જોઇએ, આજ સમય ઘણો જૂદીજ જાતનો આવ્યો છે; આર્ય વીર પુરૂષોએ જાણવું જોઇએ કે આપણો ધર્મ, આપણો દેશ, આપણી જ્ઞાતિ કેવી સ્થિતિમાં છે, અને તે દુઃખદ છે તો કેવા ઉપાય કામે લગાડવા તે વિચારવું જોઇએ. આપણા પૂર્વજો જે કીર્ત્તિસ્થંભ રોપી ગયા છે તે શાથી તે જાણી તેવા ચાલોની પુનઃસ્થાપના થવી જોઇએ. જ્યાં સુધી કેળવાએલા અને સમજુ ભાઇઓ આ સવાલ ઉપાડી લેવા સંકલ્પ વિકલ્પ કરશે, અને ભવિષ્યની રાહ જોઇ બેસશે તો ઇશ્વરોગતિ ભવિષ્યમાં શું થશે!

મને તથા મારા મિત્ર મી. નથુરામને આ બાબત વિચાર થયો અને તે ઉપરથી એક સભા થવી જોઇએ એમ નિશ્ચય કર્યો, આ કામ વધારે સુગમતાથી અને નિર્વિઘ્ને પાર પડશે એમ ધાર્યું, કેમકે આપણા કેળવાએલા ભાઇઓ આપણી શુભ નેમને ઉપાડી લેશે. એવા હેતુથી આ "આર્યવત્સળ"

સભા સ્થાપન કરી તેનાં મૂળતત્વો અને ધારા અમારા મિત્ર મંડળમાં મોકલ્યા તેમાં હમો કેટલેક દરજ્જે ફાવ્યા. તોપણ દિનપર દિન મેંબરો વધારવાની ખરેખરી જરૂર છે. હમો અંતઃકરણથી ઇચ્છીએ છીએ કે ગુણજ્ઞ સાહેબો ફક્ત સ્વદેશની ખાતર આ સભામાં ભળી ભાગ લેશે.

આ સભામાં મેંબર થનાર પાસેથી કાંઈ અમુક રકમ લેવા ઠરાવ કર્યો નથી, પણ કોઈ સદ્ગૃહસ્થ કાંઈ રકમ ભેટ આપશે તો તે મોટા ઉપકાર સાથ કબૂલ કરવામાં આવશે, અને તે આવેલી રકમ "આર્યવત્સળ સભા" સ્વદેશ કલ્યાણાર્થે વાપરશે, અને બનશે તો મોટી રકમ ભરનારને જણાવવામાં આવશે કે તેની કેવી વ્યવસ્થા કરી.

નીચે લખેલા ધારા પ્રમાણે ચાલવા કબૂલ થનારને "આર્યવત્સળ સભા" ના મેંબર ગણવામાં આવશે.

ધારા.

૧. સાંજ સવાર અમુક વખત સુધી નિવૃત્તિથી એકાંતમાં ઈશ્વરની પ્રાર્થના તનમનથી પવિત્ર રહી કરવી.

૨. પોતાનો અંતરાત્મા સર્વદા શાક્ષીરૂપે રહેલ છે એમ માની સદા સર્વત્ર સત્ય ભાષણ કરવું.

૩. તમામ મનુષ્ય પ્રાણી જન્મથી સરખાં છે એમ માનવું અને જાતિબંધનથી મુક્ત થવાય તેમ કરવું, ભાઈ ચારાથી વર્તવું.

૪. વિષયવાસનાના સેતાની હવસને વશ થઈ પરસ્ત્રી

સંગ ન કરવો.

૫. ઓઢવા પેહેરવામાં, ખાવાપીવામાં, અને બોલવા ચાલવામાં સાદાઈ અને નિયમિતપણું રાખવું.

૬. માદકરસો એટલે કેફી પદાર્થો પીવા તથા ખાવા નહીં.

૭. સર્વ પ્રાણી ઈશ્વરની પ્રજા છે, જેવું આપણને દુઃખ થાય છે તેવું બીજાને પણ થાયછે એમ વિચારી કોઈપણ પ્રાણીને દુઃખ દેવું કે મારી નાંખવું નહીં. પ્રાણીમાત્રપર દયાવૃત્તિ રાખવી.

૭. ગરીબ ઉપર દયા રાખવી અને ગજા માફક તેમને દાન દેવું.

૮. કાળરૂપી સીંચાણો જે માથા ઉપર ભમ્યા કરેછે તેને હરઘડી જોવો અને તેના પંજામાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરવો.

૯. જે બેઠક ભક્તિ અથવા નીતિ વિરૂદ્ધ છે ત્યાં કદી જવું નહીં.

૧૦. બાળલગ્ન નહીં કરવાં. (અમદાવાદની બાળલગ્ન નિષેધક મંડળીમાં દાખલ થવું.)

૧૧. કોઈ વિધવા પુનર્લગ્ન કરવા ખુશી હોય તો તેનું પુનર્લગ્ન કરવા બનતી ગોઠવણ કરવી ઘટે તે કરવી.

૧૨. દરેક સભાસદે દેશીકારીગરીને ઉત્તેજન આપવું અને બનતાં સુધી દેશી વસ્તુથી ચલાવવું.

૧૩. પોતાના કર્તવ્યકર્મમાં પ્રમાણિક રહેવું. કપટ ન કરવું.

૧૪. સદાસર્વદા શુભાશુભ વિષે પોતાના સાક્ષીને પુછી ઉચિત રસ્તો લેવો.

સેવક.

આણંદજી વહાલજી રાજગર,

આર્યવત્સલ સભાનો સેક્રેટરી.

અગાઉ થનાર સદ્ગૃહસ્થ ગ્રાહકોનાં મુબારક નામો.

પ્રતો. નાર. નાટ.	પ્રતો. સ્વા. ધર્મ.	નામ.	પ્રતો. નાર. નાટ.	પ્રતો. સ્વા. ધર્મ	નામ.
		કુંતીઆણા.	૫		રા. ભવાનીશંકર જેશંકર. ઓવરશીયર માંગરોળથી પોરાજી.
૨૦	૧૦	મે. મુરારજી શામળજી. ફર્સ્ટ ક્લાસ માજિસ્ટ્રેટ.	૫	૫	રા. વજેશંકર પ્રાણશંકર પોલીસ ફોજદાર
			૫	૫	રા. મંછાશંકર ભવાનીશંકર. જુનાગઢ પો. સુપ્રી. સીરસ્તેદાર.
૫		રા. નારણજી સુંદરજી દિવાની ન્યાયાધિસ			
૫	૫	મે. જમાદાર આજમ ખોખર કાયમ ખોખર કસ્બાતી.	૪	૨	ગૃહસ્થ દેવચંદ કુરજી ઠક્કર.
			૩		રા. સંતોકરામ આતમારામ ખાગશરીના મેહેતાજી.
૫	૨	મે. જમાદાર ઉમરવા. સેનક. પોલીસ આસી. સુપ્રી૦	૩		રા. જનમશંકર હરીશંકર વૈદ. કુ. દિવાની કોર્ટના સીરસ્તેદાર.
૫		મે. ગીરધરલાલ જેકીશનદાસ. પોષ્ટમાસ્તર			
૫		રા. ગણેશ પ્રભુજી. ઓવરશીયર કુંતીઆણાથી પોરાજી લા૦	૩	૧	રા. તુળજાશંકર દુર્ગાશંકર પોલીસ ફોજદારના કારકુન.

૨	૨	મે. જમાદાર સીરદારખાં હયાતખાં કસ્માતી
૨		રા. નવલશંકર કુંવરજી વહીવટદારના દફતરી
૨		રા. પ્રતાપરાય શામળદાસ. માજીસ્ટ્રેટના સીરસ્તેદાર.
૨		રા. હારકાંદાસ રણછોડદાસ. વહીવટી કારકુન.
૨		રા. ગંગાધર પરાગજી દિવાની કોર્ટના ક્યાન્ડીડેટ.
૧		રા. મોતીચંદ નથુ વહીવટી કારકુન.
૧		રા. તુલશીદાસ પરાગજી દેશાઈ.
૧	૧	રા. સૌભાગ્યચંદ આણંદજી કમ્પાઉંડર.
૧	૧	રા. બાવા ગોરધન. રાઈટર.
૧		રા. ઐબ હુસેન વકીલ.
		બાબરા.
૩૦	૨	મે. દરબાર ઉનડભાઈ નાગભાઈ તાલુકદાર.
૨	૨	મે. દરબાર માંસીયા દેવદાન.
	૧	દરબાર રાણીંગભાઈ જીવાભાઈ.
૧	૧	મે. લક્ષ્મીનારાયણ શીવનારાયણ થાણ. સા.
૩		ભાગા પિયર ઝુ઼ડા. હા. દયારામ ભવાન.

	૧	મે. શેખ ઇસ્માઇલ બીન અબદલ કાદર દાકતર સા૦
	૧	મે. નીલકંઠ નથુ સબ પોષ્ટમાસ્તર.
૧	૧	મે. સદાશીવરાવ રઘુનાથ. કામદાર
૧	૧	રા. નૃસિંહ પોપટ વકીલ.
૧		ભાઈ ત્રીકમ જગજીવન પેહેલા આસીસ્ટંટ.
૧		,, રાણા ભીમ મોનીટર.
૧		,, શીવા ભીમજી મોનીટર.
૧	૧	કામદાર વલભજી મોતીચંદ.
૧		રા. છગનલાલ શંકર.
	૧	રા. ત્રીકમ લક્ષ્મીચંદ કામદાર.
	૧	રા. દુલભજી વશરામ કામદાર
		ડેડાણ.
૧	૧	રા. પ્રેમચંદ જેચંદ મેહેતાજી.
		કુંધારીઆ.
૧	૧	રા. નથુ નાનજી મેહતાજી.
		હોયાણા.
૨	૨	રા. ઓધવજી જીવન મેહેતાજી.

		દેવડા.
૨	૩	રા. નૃસિંહરામ તુલશીરામ મેહેતાજી.
		રોધડા.
૨		રા. ડોસા રણછોડ કંટ્રાકટર.
		વાડાસડા.
૧		રા. ઝવેરચંદ મૂળચંદ ડ્રાફ્સમેન એ. ઈ. ઓ. કા.
૧		મે. કામેશ્વર ગોપાળજી હેડ ઓવરશીયર એ. ઈ. કા.
૧		રા. રા.લક્ષ્મીશંકર જાદવજી આ. એ. ઈ. કા.
૧		રા. હેમચંદ ધારશી ઓવરશીયર.
૧		રા. કાનજી કરશન કંટ્રાકટર.
૧		રા. લક્ષ્મણ જેરામ કારકુન.
૧		રા. જેચંદ મુલચંદ. લાઈબ્રેરીઅન.રાજકોટ
		જુનાગઢ.
૫	૫	મે. ખાનશ્રી શેરઅલિંદ ખાનજી. સાત હવેલીમાં.
		બાંટવા.
૧૫	૧૦	મે. બાબી ખાનશ્રી શેરખાનજી. બાંટવાના ભાગદાર સાહેબ

		ગીદડ.
૫	૫	મે. ખાનશ્રી શહામતખાનજી બાંટવા ભાગદાર સાહેબ
૧	૧	મે. સૈદ હસનઅલી અમીરૂદ્દીન બાંટવા.
૧	૧	રા. મોરારજી વી. પ્રેમજી જેલક્લાર્ક. ,,
૧	૧	રા. લાલસંગ હઠીસંગ આસી. મે. ,,
		લીંબુડા.
૧	૧	જાદવજી વિ. દલપતરામ.
૧	૨	જેરાજ જીવરાજ ભીમાણી.
	૧	નરમેશંકર જુઠા.
	૧	પ્રેમાણંદ વાલજી.
	૧	મુળજી વશરામ.
	૧	માંડણ કેશવ.
૧	૧	આણંદરામ કલ્યાણદાસ.
૧	૧	જમાદાર મહમુદ રેમુ પોલીસ પટેલ.
	૧	ડા. કાસમ વી. પ્રેમજી.
	૧	ડા. મોનજી માધવજી.
	૧	વિપ્ર મુલજી લવજી.

મરમઠ.

	૧	સોની પ્રેમજી સામજી.

ઈડર.

	૧	સોની દેવજી પરમાણંદ.
૧		વિપ્ર હરીશંકર.

લાકડીઆ (કચ્છ).

૫	૫	મે. હરજીવન ઉત્તમરામ મેહેતા. મ્યાનેજર લાકડીઆ.
૧	૧	રા. દલપતરામ દયાશંકર અવલ કારકુન. લા. મા. ઓ.
૧	૧	રા. ખીમજી ઍંગાર. હિસાબી કારકુન.
૧		રા. વાઘજી માધવજી કારકુન.
૧		પુજ્ય વેણીદાસ જેતસી પોતદાર લાકડીયા.
૧		રા. ખીમચંદ જીવા. લાકડીયાનામેહેતાજી.
	૧	જમાદાર સુલતાન ઈબ્રામ.
૧	૧	રા. ગીરજાશંકર મુળજી. સરવૈયર લાક૦
	૧	રા. કાશીશંકર પ્રભુશંકર પોષ્ટમાસ્તર. લા૦
	૧	રા. ત્રીભુવન દેવજી આસીસ્ટંટમેહેતાજીલા.

જસદાણ.

૫	૪	મે. પ્રભાકર ગોવિંદ આપટેસબ પોષ્ટમાસ્તર.

ભેંસાણ.

૧	૧	મે. નાનાલાલ હરખચંદ મુખ્યન્યાયાધિસસા.
૧	૧	રા. જગજીવન વી. પ્રેમજી દિવાની કારકુન.
૧	૧	રા. મોતીલાલ વિ. નંદજીવન જોશીપરા. જુનાગઢ બહાદુર ખાનજી હા. સ્કૂ. ના આસી૦ મા.
૧	૧	રા. વીરજી ખીમજી દવે. જ્યુડીશીયલ કોર્ટના ઉમેદવારે.

સીતાણા.

૧	૧	રા. માધવલાલ વાલજી.

લતીપુર.

૧		રા. ત્રીભોવન જેઠા મેહેતાજી.

કરીઆણા.

૧	૧	રા. ખીમચંદ ઉમેદચંદ જમીદારકરીઆણા.
	૧	રા. હરીશંકર જયભાઈ મેહેતાજી.

પોરબંદર.

૧	૧	મે. મગનલાલ રણછોડદાસ.સરન્યાયાધિસ
૧	૧	રા. વજેશંકર આદિતરામ વેકસીનેટર પોર.
૧	૧	મે. જીવરામ માદેવ તાલુકા સ્કૂલ માસ્તર.
૧		રા.ભગવાનદાસ અમરદાસ બુ. વ. સ્કૂ. મા.
૧		શેઠ જેરામ લીલાધર.
૧		લક્ષમણ ભગવાન આ. સ્કૂ. મા.
૧		આલા અરજન માજી આસી. મે.
૧		રા. ઝવેરચંદ નારણજી વકીલ.
૧	૧	રા. કાલીદાસ ધરમસિંહ ઓઝા.

ધોરાજી.

૨	૨	મે. મયાશંકર બોચાભાઈ તાલુકા માસ્તર.
૧	૧	મે. બાલાજી સદાશીવ પોસ્ટખાતાના ઈં.

ચીખલોદરા.

૧	૧	રા. જીવરામ વિશ્વનાથ મેહેતાજી.

મહુવા.

૧	૧	રા. અર્જુન નાનજીનમળ તાલુકા માસ્તર.
૧	૧	આઝમ મહુવા નેટીવ લાઈબ્રેરીના સેક.
૧	૧	શેઠ વલ્લભદાસ પોપટ.

પ્રભાસપાટણ.

૧	૧	રા. હરપ્રસાદ ઉદયશંકર દેશાઈ નાજર.
૧	૧	રા. ગુલાબરાય પાટણ કોર્ટના વકીલ.
૧	૧	રા. ભુદરજી વિ.કરશનજી જાની સુધારા.કાર.
૧	૧	રા. શીવશંકર વ્રજલાલ દેશાઈ મુ.ત્રાપાડાના.
૧	૧	રા. સેવાલાલ વિ. અમૃતલાલ વસાવડા.
૧	૧	રા. અનંતરાય વિ માધવરાય વૈદ. ચબુતરે.
૧	૧	વકીલ હાજી તારમામદ. બાવલા રેમુ.
૧	૧	વકીલ ગભાકર.
૧	૧	પાઠક ફુલભાજી ઘેલા.
૧	૧	દેશાઈ જગન્નાથ પરમાનંદ.
૧	૧	પાઠક નથુ પરમાનંદ.
૧	૧	પટેલ ભાઈજી બાપુજી
૧	૧	રા. માણેકલાલ વિ. ત્રંબકરામ વૈદ.ઉમેદવાર
૧	૧	રા. શીવશંકર જેશંકર જાની ઉમેદવાર.

સીથા.

૧	૧	રા. રા. વિશ્વનાથ સદારામ તાલુકામાસ્તર.
૧	૧	રા. જગન્નાથ વાલજી મેહેતાજી કોઠ.
૧	૧	સ્કોલર ડાહ્યાલાલ પરભુ.